## જન્મદિને વધામણી



**નિમેષ રાવલ**
કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ
પ્રમુખ, લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર
મો. : ૯૮૭૯૫ ૨૮૭૦૨



**પુષ્પાબેન મહેતા**
જ્યોતિ મહિલા મંડળ



**ડો. રાજેશ ભોજક**
પીઆર હેડ, ઈન્ફોસિટી
મો. ૯૮૭૯૬ ૧૯૯૨૨



**નિલ્પેશ પ્રવીણભાઈ શ્રીમાળી**
મો. ૮૭૫૮૪ ૦૯૨૦૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# આર જી-એસ બી કન્યા શાળાનો એનએસએસ શિબિર યોજાયો

## રાંધેજા ખાતે સ્વર્ણિમ ભારતના સોનેરી સ્વપ્ન 'કૅશલેસ ભારત અનો સ્વચ્છતા અભિયાન' વિષયે શિબિર

ગાંધીનગર, તા. ૨૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સૅક્ટર-૨૩, ગાંધીનગર દ્વારા શહેરની નજીક સ્થિત રાંધેજા ગામ ખાતે રાષ્ટ્રીય સેવા યોજનાના તેરમા સોપાનનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય સેવા યોજના શિબિરનો ઉદ્‌ઘાટન સમારોહ શ્રી જે એસ પટેલ હાઈસ્કૂલ, રાંધેજા ખાતે સ્વર્ણિમ ભારતના સોનેરી સ્વપ્ન 'કૅશલેસ ભારત અને સ્વચ્છતા અભિયાન'ના વિષય પર આયોજિત કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શુભ શરૂઆત સરસ્વતી વંદનાથી કરવામાં આવી હતી. રાંધેજા હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રાર્થના અને સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું, ત્યારબાદ અતિથિઓના હસ્તે દીપ પ્રાગટ્યથી કાર્યક્રમને વિધિવત શરૂ કરવામાં આવ્યો. અતિથિઓના પરિચય અને તેમને સ્મૃતિચિહ્ન અર્પણ કરવાના કાર્યક્રમમાં એનએસએસ પ્રોગ્રામ ઑફિસર રમેશભાઈ જી પટેલ અને એનએસએસની ૫૦ વિદ્યાર્થીનીઓ, રાંધેજા વિકાસ મંડળના સભ્ય નરેન્દ્રભાઈ ખત્રી અને જે એસ પટેલ હાઈસ્કૂલના શિક્ષક ભીખાભાઈ પટેલ સામેલ થયા હતા.

સમારંભના અધ્યક્ષસ્થાને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ પટેલ, ઉદ્‌ઘાટક તરીકે રાંધેજા કેળવણી મંડળના પ્રમુખ નટુભાઈ કે પટેલ, એનએસએસના કમલકુમાર કર, ગુજરાત વિદ્યાપીઠ એનએસએસ સંયોજક ડૉ. અરૂણકુમાર ગાંધી, જિલ્લા શિક્ષણાધિકારી એસ એન બારડ, ડૉ. સોમાભાઈ પટેલ, કૌશલ્યાબેન પરીખ, એપીએમસી ગાંધીનગરના ચેરમેન રસિકભાઈ પટેલ, શ્રેષ્ઠી જગદીશભાઈ કે પટેલ, રાંધેજા કેળવણી મંડળના સભ્યો, ગ્રામ પંચાયતના સરપંચ જશુભા લક્ષ્મણસિંહ પરમાર, રાંધેજા વિકાસ મંડળના સભ્યો ઉપસ્તિત રહ્યા હતા.

શિબિરના સમાપન પ્રસંગે હાઈસ્કૂલથી ગામમાં એક રેલીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું ત્યારબાદ અંબાજી મંદિરની વાડીમાં ઈનામ વિતરણનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં રમતોત્સવ, પ્રાર્થના, સ્વાગત ગીત અને સાક્ષરતા અભિયાન અંતર્ગત લખતાં-વાંચતાં શીખેલાં ગ્રામજનોને કન્યા શાળા દ્વારા ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

એનએસએસની વિદ્યાર્થીનીઓ દ્વારા દીકરીના મૂલ્યને ઉજાગર કરતું નાટક અને નૃત્ય પણ પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

આચાર્ય સુધાબેન પટેલે શિબિરની સફળતામાં સહકાર બદલ ગ્રામજનો પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એનએસએસ પ્રોગ્રામ ઑફિસર રમેશભાઈ જી પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ દ્વારા સ્મૃતિ વ્યાખ્યાનનું આયોજન કરાયું



ગાંધીનગર, તા. ૨૩

સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ સંચાલિત શેઠ એસ એમ એ વી સ્કૂલ એન્ડ શ્રી બી પી પટેલ હાયર સૅકન્ડરી સ્કૂલના અમૃત મહોત્સવ નિમિત્તે શ્રી વિષ્ણુપ્રસાદ એચ જહા તથા શ્રી વાસુદેવભાઈ વી જહા સ્મૃતિ વ્યાખ્યાન માળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આયોજિત સમારોહના અધ્યક્ષસ્થાને ટ્રસ્ટી કનુભાઈ રામદાસ પટેલ, ગાંધીનગર કલ્ચરલ ફોરમના પ્રમુખ કૃષ્ણકાન્ત જહા, બી એમ વ્યાસ, બી આર પટેલ અને કાંતિભાઈ એસ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ધોરણ-૧૦, ૧૨ના વિદ્યાર્થીઓને બૉર્ડની પરીક્ષા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી તથા ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને વિદાયમાન પણ આપવામાં આવ્યું હતું. નવીનભાઈ પટેલ, અમૃતભાઈ પટેલ સહિત ગ્રામજનો અને સંસ્થાના પૂર્વ વિદ્યાર્થીઓ આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના મંત્રી અને શ્રેષ્ઠ શિક્ષક શંકરભાઈ પટેલે કાર્યક્રમના અંતે આભાર દર્શન કર્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

વાણી પર
માત્ર સૉય ન રાખો
પરંતુ તેમાં
દોરો પરોવીને રાખો
જેથી સૉય
માત્ર છેદ ન કરે
પરંતુ સીવીને
પરસ્પર જોડવાનું
કામ પણ કરે

# ચૌધરી શાળાની વિદ્યાર્થીનીઓ સ્કાઉટ ગાઈડ પરીક્ષામાં ઝળકી

ગાંધીનગર, તા. ૨૩

શ્રી જે એમ ચૌધરી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી ૧૪ વિદ્યાર્થીનીઓએ સ્કાઉટ ગાઈડની રાજ્ય પુરસ્કાર પરીક્ષા આપી હતી.

આ સઘળી વિદ્યાર્થીનીઓ સ્કાઉટ ગાઈડ રાજ્ય પુરસ્કાર પરીક્ષામાં ઊત્તીર્ણ થઈ હતી, જેને રાજ્યપાલના હસ્તે ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

શાળા પરિવાર તરફથી આ સઘળી વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# એમ બી પટેલ સ્કૂલની વિદ્યાર્થીની જિમ્નાસ્ટીકસમાં રાષ્ટ્રકક્ષાએ ઝળકી



ગાંધીનગર, તા. ૨૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી સ્કૂલના ધોરણ-૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની પ્રગતિ ભરતકુમાર માળીએ હૈદરાબાદ ખાતે આયોજિત રાષ્ટ્રીય કક્ષાની જિમ્નાસ્ટીક્સ સ્પર્ધામાં સિલ્વર મૅડલ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. ઉલ્લેખનીય છે કે 'ખેલો ઈન્ડિયા' અંતર્ગત પ્રગતિએ પોતાનું પ્રતિનિધિત્વ નોંધાવ્યું હતું.

પ્રગતિની સિદ્ધિ એ છે કે આટલી નાની વયે તે ૬૦ જેટલાં સર્ટીફિકેટ્સ અને ૧૮ મૅડલ્સ પ્રાપ્ત કરી ચૂકી છે. આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન, સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયાના કોચ યુ એચ ચૌહાણ, પીટી શિક્ષક નદીમ મેમણ તથા શાળા પરિવારે પ્રગતિને બિરદાવી હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

# જે એમ ચૌધરી પ્રાથમિક વિદ્યાલયનો વાર્ષિકોત્સવ ઉજવાયો



ગાંધીનગર, તા. ૨૩

સૅક્ટર-૭ સ્થિત શ્રી જે એમ ચૌધરી પ્રાથમિક વિદ્યાલયનો વાર્ષિકોત્સવ 'દીકરી : સંસ્કારનો વારસો, સમાજનું સાચું ધન' થીમ આધારે યોજવામાં આવ્યો હતો. ગાંધીનગર ટાઉનહૉલ ખાતે આયોજિત આ વાર્ષિકોત્સવમાં વિદ્યાર્થીઓ દ્વારા નૃત્ય, નાટક અને ગીત-સંગીત જેવી રસપ્રદ કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવી હતી. વાર્ષિકોત્સવનું ઉદ્‌ઘાટન કૅનેડા સ્થિત રમણભાઈ ચૌધરી, શાળાના સંચાલક હરિભાઈ ચૌધરી, શંકરભાઈ ચૌધરી, એમ કે ચૌધરી, એમ પી ચૌધરી તથા આચાર્ય મીનાબેન ચૌધરીના હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પ્રસ્તુત 'દીકરી' વિષયની નૃત્યનાટિકા સૌનાં આકર્ષણનું કેન્દ્ર બની હતી.

# ચૂંટણીઓ લોકતંત્ર માટે જરૂરી પરંતુ ખોટા વાયદા નહીં

**જીવન ઉપવન**
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

ભારતવર્ષમાં આઝાદી મળી ત્યારથી લોકોને પોતાની સરકાર મળી, સત્તામાં તેનો અવાજ પહોંચે એ સ્વપ્નો સાથે આપણી સ્વતંત્ર ભારતની રાજકીય સફર શરૂ થઈ. દેશને પોતીકું બંધારણ પ્રાપ્ત થયું. અહિંસાના ધારદાર હથિયારથી દેશને ઘણી કુરબાની બાદ આઝાદી પ્રાપ્ત થઈ. ભારતમાં પ્રત્યેક ગામડે અને શહેરોમાં પ્રત્યેક નાગરિકને જાણે કે હવે સુખ-શાંતિના દરવાજામાં પ્રવેશ મળી ગયો હોય તેવો અહેસાસ થયો. આઝાદી ઉપરનાં ગીતો રચાયાં તો વીર શહીદોની કુરબાની ઉપર સિને વિશ્વમાં પિક્ચર્સ પણ બનવા લાગ્યા ! એક લહેર પૂરા ભારતમાં હર્ષોલ્લાસની ફરી વળી. બસ હવે આપણું રાષ્ટ્ર, આપણી સરકાર, આપણું સુખ. બધાને આનંદનો દરિયો ને ઉમંગનાં મોજાં મળ્યાં. આઝાદી મળી તો ગઈ પરંતુ આજે સાત દાયકાઓ પછી લાગે છે કે આપણે આઝાદીને લાયક થયા નથી.

શિસ્ત, સમજણ, ભાઈચારો, સત્ય, ન્યાય, કરૂણા, સમાનતા વગેરે શબ્દોને સમજવાનો પ્રયાસ કરતાં-કરતાં હવે આ શબ્દોનો નાશ કરવા સુધી પહોંચી ગયા હોઈએ તેવી સ્થિતિ રચાઈ ગઈ છે. લોકશાહીને જીવંત રાખવા ઈલેક્શન વિના નવો નક્કર કોઈ વિકલ્પ શોધી શકાયો નથી. એટલે કે ચૂંટણીઓ થાય એ સ્વીકારવું જ પડે છે. લોકો માટે, લોકો દ્વારા જે ચૂંટાય એ શાસન સુધી જાય છે અને વોટ કરવો પ્રજાતંત્રનો પવિત્ર તહેવાર છે. છતાં પ્રતિવર્ષ જે ચૂંટણીઓ થઈ રહી છે તેમાં નજર કરીએ તો કશું દિલને આનંદ થાય તેવું રહ્યું નથી. સત્તા કે શાસનમાં પહોંચવા માટે ભારતમાં હવે શું શું નથી થતું એ જ પ્રશ્ન છે ! મતદાનની પ્રક્રિયા માટે મશીન્ય આવી ગયાં છે. બાકીનું બધું અને માનસિકતામાં સુધારણા થઈ હોય તેવું જણાતું નથી. ચૂંટણી કંઈ શિખર નથી કે છેલ્લો પડાવ પણ નથી. બધા પ્રકારની ગરિમાને આગ લાગી ચૂકી છે. કોને દોષ દેવો કે ના દેવો એ મોટી મુંઝવણ છે. ઘણી વાર એવું લાગે છે કે દેશને માત્ર સુપ્રિમ કોર્ટ જ ચલાવી રહી છે.

ગોવા, યુપી, પંજાબ, મણીપુર જેવાં રાજ્યોમાં હાલ ચૂંટણીઓ થઈ રહી છે. પ્રતિદિન જાહેરસભા, રેલીઓ વગેરે થઈ રહ્યું છે અને વક્તવ્યમાં એટલી ગિરાવટ આવી છે કે એક સામાન્ય ભારતીય શરમનો અહેસાસ કરે છે. ભાષાથી પડી જવું એ પણ નૈતિક પતનની નિશાની છે. ઈલેક્શન મેનિફેસ્ટો દરેક પક્ષ જાહેર કરતા જ હોય છે. પરંતુ આ બધાં વાયદા-વચનોની ગુણવત્તા, સાર્થકતા વગેરે તપાસીએ તો લાગે છે કે સત્તા સુધી જવા કેટલા બધા પ્રયાસો થઈ રહ્યા છે. આ વાયદા પૂરા કરવાનાં નાણાં, મૅનપાવર, ઢાંચો વગેરેની તો કોઈ વાત આવતી જ નથી. આકાશમાંથી તારલા તોડીને ઘરના ઉંબરે મૂકવાની વાતો કરતા તમામ પક્ષ વાસ્તવમાં સ્વયં નિરાંતની ક્ષણોમાં વિચારે તો ખ્યાલ આવે કે આપણે આ કેવા કેવા વાયદાઓ કરી રહ્યા છીએ !



લૅપટૉપ, ઘી, અનાજ, મકાન, રસ્તાઓ, કેળવણી, હેલ્થ વગેરેને ધ્યાનમાં લઈ વચનોની લહાણી કરવામાં આવી રહી છે. કારણ કે બધાને ખબર છે કે આ કોઈ કાનૂની કરાર નથી કે જેના ભંગ બદલ કોઈ પ્રકારની જવાબદારી ઊભી થાય. રોજ બે વખતનું જમવાનું નથી મળતું એવી જનસંખ્યા ભારતમાં ૧૯ કરોડની છે તો બીજી તરફ કરોડપતિઓ વધતા જાય છે તો ત્રીજી તરફ બધી જ બેન્કોનું એનપીએ ૧૩૫ ટકા વધી ગયું છે. બે કરોડથી વધુ એનપીએ હતું તે હાલમાં છ લાખ કરોડથી વધુ ઊંચે ગયું છે. આ સવાલ બેન્કોના પારસ્પરિક વિલીનીકરણથી પતી જાય એવું પણ નથી. બજેટમાં ફાળવવામાં આવતાં નાણાં ક્યાં વપરાઈ જાય ચે તે કોઈ કહેતું નથી. શૌચાલય પાછળના ખર્ચ સામે સત્ય હકિકતો બંધ બેસતી નથી તો બીજો તર્ક એવો છે કે પ્રજાને આઝાદીના સાત દાયકા બાદ હાજતે ક્યાં જવું જોઈએ તેનું વિજ્ઞાપન દેશના મિલેનીયમ સિનેસ્ટારથી કરાવવી પડે છે ત્યાં વિકાસ કરવો કેટલો મુશ્કેલ હશે તેનો અંદાજ ઝડપથી મૂકી શકાય એમ છે. ભારતની આર્થિક હાલત તૂટી ગયેલા અરીસા જેવી છે. બધાને પ્રતિબિંબ દેખાય તો છે પણ એ અધૂરું અને કદરૂપું છે. પ્રજાની યાદદાસ્ત ટૂંકી હોય છે એ બ્રહ્મવાક્ય ઉપર તો બધા લોકો વચનો અને પ્રવચનો કરતા રહે છે !

ભારતમાં સામાજિક સ્થિતિમાં જે વિકૃતિ આવતી જાય છે તેની પાછળનું મુખ્ય કારણ તપાસો તો ખબર પડશે કે અપરાધીકરણ અને રાજકારણને બહુ જ સમીપતાભર્યો માહોલ પ્રાપ્ત થઈ રહ્યો છે અને પરિણામે કાયદાનો ડરકે ભય કશે જ રહેવા પામ્યો નથી. એ તત્ત્વ આપણી લોકશાહીના આત્માને ઉજાગર કરે છે. કોઈ પક્ષ સો ટકા ચૂંટણી લડવાની ટિકીટ બાહુબલીઓને જ આપે તો પછી જે સરકાર માનો કે રચાય તો સારું કે ઉત્તમ શું પેદા થઈ શકે ? જરા આત્મખોજ કરવી જ પડશે. આપણે આપણા ભાગ્યવિધાતા નહીં બનીએ તો પછી શું પરિણામ આવશે તે વિચારવું પડે તેમ છે. સત્તા તો ભયાનક નશો છે અને પ્રજા ઝંખે છે ઉમદા, સુખી-શાંત જીવન કે જે વિકાસના માર્ગે લઈ જાય. આપણી વધુ પડતી લાલચોથી જ આપણે મરી રહ્યા છીએ. ક્યાં જઈ રહ્યા છીએ ? હવે તો અટકો ને વિચારો.

**શેર આસ્વાદ**

જિંદગીના રસને પીવામાં કરો જલ્દી મરીઝ,
એક તો ઓછી મદિરા છે ને ગળતું જામ છે.

- મરીઝ



અમદાવાદના નારણપુરા વિસ્તારમાં કાર્યરત સુમન વિદ્યાલય ખાતે વિશ્વ માતૃભાષા દિનની ઉજવણીના ઉપલક્ષ્યમાં ત્રણ દિવસ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પુસ્તક પ્રદર્શન, વિદ્યાર્થીઓ દ્વારા કાવ્યગાન તથા નાટકોનું પઠન, કવિ-ગઝલકાર મનિષ પાઠક 'શ્વેત'ના વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના મૅનેજિંગ ટ્રસ્ટી નીતિનભાઈ પટેલ, હર્ષિતભાઈ પટેલ અને આચાર્ય ઘનશ્યામભાઈ પટેલ દ્વારા સફળતાપૂર્વક આ અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધોરણ-૧થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ માતૃભાષા ગૌરવ દિનની ઉજવણીને ચરિતાર્થ કરી હતી.

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારી યાદગાર સ્કૂલ'**